Gujarati (P)

T1

(11) 3143

S.No 51
Rashtriya Ran Gito

# રાષ્ટ્રીય રણગીતો

3143
3143
G.1

અંધકવિ શ્રી. હંસરાજભાઈ

(સર્વ હક્ક સ્વાધીન.)

કિંમત બે આના.

પ્રકાશકઃ–
નવજીવન સંઘ
મુંબઈ ૨.

3143

IMPERIAL RECORD DEPARTMENT
RECEIVED
13 OCT. 1930

## નિવેદન

NATIONAL ARCHIVES LIBRARY
No. 3143
Date 27-3-72
GOVT. OF INDIA

અંધકવિ શ્રી. હંસરાજભાઇને તો ગુજરાત બરોબર ઓળખે છે જ, એટલે આજના આ કટોકટીના સમયે તેમણે રચેલાં આ રાષ્ટ્રીય રણગીતોના સંગ્રહની નાનકડી પહેલી પુસ્તીકા ગુજરાતી ભાઇ બહેનોના કરકમલમાં મૂકતાં અમને આનંદ થાય છે. આશા છે કે ગુંજરાતી ભાઇ બહેનો આ રાષ્ટ્રીય રણગીતોને જીવનમાં ઝીલી, સત્યાગ્રહ સૈન્યમાં પોતાનાં નામ નોંધાવી, પૂર્ણ સ્વરાજ્ય વહેલું મેળવવા પ્રયત્નશીલ થશે.

પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઇ,
તા. ૨૧-૪-૩૦

મંત્રીઓ,

નવજીવન સંઘ.

# રાષ્ટ્રીય રણગીતો

( ૧ )

## પ્રભુને અવતારની યાદી

### રાગ—કાફી

કલિ ભારે પાતાળ ઉતરતી પૃથ્વી પોકારે,
હે નાથ કહોજી કોલ પ્રમાણે અવતરશો કયારે ?

મૂકી માનવતાની માઝા, પ્રજાના પ્રાણ ચુસે રાજા;
કરી નિજ ખૂનતણાં ખાજાં, કરી તન તંતુ તણાં વાજાં,
માનવ ભક્ષી ભૂત ભૂખ્યાં એ સૃષ્ટિ સંહારે...હે નાથ.

વહાવી ક્ષીર દધીનાં ઝરણાં, કરે બ્રહ્માંડ તણાં ભરણાં,
તમે પણ નમતાં નિજ ચરણાં, લઇ એ દાંત વિષે તરણાં,
યંત્ર દળાતી ધેનુ પૂછી રહી રડતી ચોધારે...હે નાથ.

સ્થળે સ્થળ પાપ તણાં થાણાં, કદિ નહિ વાય રૂડાં વાણાં,
નથી ઋતુઓનાં ઠેકાણાં, સુકાયાં નીર ખૂટયા દાણાં,
જગ જડવાદ તણો જંજાનિળ જંબુદ્વિપ આરે...હે નાથ.

પુરાણ કુરાન ન કોઇ વાંચે, અતિ પર ભાષા પર રાચે,
નિરંકુશ સર્વ બની નાચે, જઇ સુર જક્ષ ગ્રહે જાચે,
પાપીના પોબાર પડે છે હરિના જન હારે...હે નાથ.

અમારા કાશી અને મક્કા, પરે પ્રભુ દ્રોહી તણા ડંકા,

સીતાજી રાવણ ને લંકા, કરે પરદેશ શિરે પંખા,
અભડાએ છે યત્ન અમારા દનુ સુત સંચારે...હો નાથ.

હિમાલય ને સુરની સરિતા, સહે પરદેશ તણી સત્તા,
ઇતર સ્થળ જે જાત્રા કેરા, ભરે પરદેશ તણાં વેરા,
પૂર્વજને પાણી દેવું રહી કોને આધારે...હો નાથ.

હિંચોળ્યા હરિ તમને જેણે, રમાડયા અંક વિષે જેણે,
ઉછાળ્યા વક્ષસ્થળે જેણે, પીવાડયા દૂધ મીઠા જેણે,
નથી નિજ વેણુ વળોટયાં વલ્લભ આપે કોઇવારે...હો નાથ.

મીરાં શિર મહિપતિની પાળી, દુઃશાશન ઘેરી પાંચાળી,
નિંભાડે બળતી માંજારી, ગ્રહો ગ્રહે જેમ ગજ ઝાલી,
તેમ પીડાયે માત તમારી પરના પગથારે...હો નાથ.

નથી કોઇ દીન તણું આજે, પડેલા પર પગ દઇ ગાજે,
નહિ પરને પીડતાં લાજે, બીજાને જોઇ સુખી દાઝે,
સામ્ય સુધા માનસ રેલવવા દુનીયાના દ્વારે...હો નાથ.

ગૃહે ગૃહ રાસલીલા કરવા, જનેજન પ્રેમપ્રભા ભરવા,
ઉરે ઉર શાંતિ પાથરવા, મહાઘન મોહ નિશા હરવા,
બ્રહ્મ જીવનના ભોર પ્રગટવા ભ્રકુટી આધારે...હો નાથ.

ગીતામાં જે આપે ગાયું, વળી જે વાંસળીએ વાયું,
અને જે પ્રિયજનને પાયું, નથી એ અમથી વિસરાયું,
દેવ બધા બંદી થઇ બેઠા દશમુખ દરબારે...હો નાથ

વિભુ જો વાર વધુ થાશે, મહાતલ મહિમાતા જાશે,
તમારા વેણુ વગોવાશે, અસુરો હર્ષ નિરે નહાશે,
મલછન્નના મંડાય મહાલય ચોગમ સંસારે...હો નાથ.

આ રીતે બહુ વિધ તનુ ધાર્યાં, વિભુ જેમ વેદો ઉદ્ધાર્યાં,
સકળ સાધુ જનને તાર્યાં, પ્રબલ દાનવ દલ સંહાર્યાં,
ચડવા તેમ તપસ્વી મહાત્મા **મોહનની** વ્હારે...હો નાથ.

---

## ( ૨ )
## એકરાર
### રાગ:—કાફી

ક્યાં સુધી સામ્રાજ્ય સત્તા ચંદરોજ,
ક્યાં સુધી એની મહત્તા ચંદરોજ,
શું ગણે ગોરા અને કાળા જુદા,
વર્ણ એ વિદ્યુત કેરા ચંદરોજ.
શું જીવે તલવાર 'ને બંદુક પર,
એ સહુ હથિયાર તારા ચંદરોજ.
ના દળો નિર્દોષીને અય ઝાલીમો,
તાજ આ તમ શિર પરના ચંદરોજ.
ન્યાય નીતિ નામે પ્રજા પીડો નહી,
પાપમય પાખંડ પડદા ચંદરોજ.
કાં પુરે છે હિંદને કારાગ્રહે,
કંસના એ કેદખાના ચંદરોજ.
ઝાર જેવા જગતને કહેતા ગયા,
ઝારશાહી જહાંગીરી આ ચંદરોજ.
શું શીકારી શ્વાન પેરે સંચરો,
રાજ સુખનાં સ્વપ્ન સઘળાં ચંદરોજ.

---

( ૩ )

રાગ—કલ્યાણ

સુજનને સહેવી ઘટે ત્યાં જેલ,
ઉભા જ્યાં અન્યાયીના મહેલ—સુજનને૦
જ્યાં દેવો પારણીએ પોઢયા. જ્યાં દાનવના ખેલ,
સતી જતી જ્યાં હિમાલય શોધે, શઠ, મઠ, જ્યાં માંડેલ-સુજનને૦
પાપ પટુની જ્યાં પ્રભુતા છે, જ્યાં દુર્બળ દાખેલ,
જટીલ કુટીલ સુધરેલ ગણાએ, જ્યાં કપટી કાબેલ—સુજનને૦
રાજ્ય પ્રપંચ કુશળ શકુનીના જ્યાં પોબાર પડેલ,
ન્યાય નીતિ નિષ્ણાત વિદુરને જ્યાં જીવવું મુશ્કેલ—સુજનને૦
વિપદ પરે વિપદો વરસે ત્યાં નથી સુખ સગવડ સહેલ,
પાણીદાર કદી નહિ પલટે, એ તો કરશે પહેલ—સુજનને૦
જુલ્મ તણું પુર જોર હશે ત્યાં, કાઢે કદાપી તેલ,
પણ રણધીર સ્વરાજ્ય ભૂખ્યાંને, ગેડી દડાની ગેલ—સુજનને૦

---

(૪)

## બંધનમાં મુક્તિ

રાગ—કાફી

પાંખ છે એ તો અમારી, ચર્ણ કેરી શૃંખલા,
કે અગર એ હિંદ મૈયાની, મનોહર મેખલા—પાંખ૦
એ તુરંગ નથી પરંતુ, ઇંદ્રનો ઉદ્યાન છે.
એ નથી પીંજર પરંતુ, વિજયવંતુ વિમાન છે—સુખ૦
એ નથી દુર્ગમ દિવાલો, પણ મિનારા મુક્તિના,
એ નથી યમદૂત પણ, પ્રતિહારી ભારત ભક્તિનાં—પાંખ૦

એ નથી રોટી સુકી પણ, ભવ્ય ભોજન દેવનું,
એ ત્રુટી શૈયા નથી પણ, છે સુખાસન શિવનું—પાંખ૦

એ નથી ચકકી પરંતુ, દલિની દાનવ વૃંદની;
એ નથી કાળી નિશા પણ, શિર શિખા સુખ ચંદની—પાંખ૦

એ નથી ક્રુર કાયદા પણ, દેશ કેરી અનામીકા,
એ નથી શિક્ષા લલાટે, રાજ્ય તિલકની ટીકા—પાંખ૦

એ નથી ચાબુક પરંતુ, યાત્રિકોની મુદ્રિકા,
એ નથી શોણિત પરંતુ, શુભ શુકુનની પત્રિકા—પાંખ૦

એ નથી ધમકી પરંતુ, ગર્જતિ રણ રાગિણી,
એ નથી ભીતી પરંતુ, મરણીયાની માગણી—પાંખ૦

એ નથી લીલામ પણ, આહુતિ શુદ્ધિ યજ્ઞની,
એ નથી જપ્તી મીઠી તૈયારી શુભ લગ્નની—પાંખ૦

એ નથી ગોળી પરંતુ, દિવ્ય માત્રા મોક્ષની,
એ નથી ફાંસી પરંતુ, માલિકા વીર વક્ષની—પાંખ૦

એ નથી મૃત્યુ પરંતુ, પિયૂષ કેરૂં પારણું,
એ નથી દિનતા અમારા શૌર્યનું સંભારણું—પાંખ૦

એ નથી જીવન પરંતુ, પ્રભુ તણું બલિદાન છે,
એ નથી વિધ્નો પરંતુ, મર્દનું મેદાન છે—પાંખ૦

દુઃખની સાત્વિક તીતિક્ષા, ઇષ્ટની આરાધના,
શમદમાદિ સંપત્તિ વીણ સ્વપ્ન છે શિવ સાધના—પાંખ૦

—:૦:—

(૫)

## આત્મશુદ્ધિનો યજ્ઞ

### રાગ-બિલાવર પ્રભાતીયુ

યોગીશ્વરે યજ્ઞ આરંભ્યો, આત્મશુદ્ધિનો આજે,
સ્વાર્પણના સામગીતથી, યજ્ઞ મંડપ ગાજે;—યોગીશ્વરે.
માતૃભૂમિની વેદી પરે, શ્વેતાંબર સુર શોભે,
નિજ નિષ્કામ તપો બળે, સારૂ બ્રહ્માંડ ક્ષોભે,—યોગીશ્વરે.
વેદરૂચાની મૂર્તિ સમા, યજ્ઞશાળા ઉજાળે,
સત્ પાવક પ્રગટાવવા, સારો દેહ પ્રજાળે;—યોગીશ્વરે.
અસુર થકી એ જાળની, શિખા સાંખી ન જાયે,
જેમ જેમ જાયે અભડાવવા, તેમ તેમ તેજ છવાયે;—યોગીશ્વરે.
જેલ જાત્રા કેરૂં ધામ છે, ફાંસી ફુલનો હાર,
વધ સ્થંભ સરણી સ્વર્ગની, ધર્મ ખાંડાની ધાર;—યોગીશ્વરે.
ધૃત જવ તલની અવેજીએ, તન મન ધન હોમાએ,
કલિયુગનો શુદ્ધિ કરણ એ, એને સ્હેજે નમાએ;—યોગીશ્વરે.
યદી પર એનો આધાર નહિ, વૈશ્યવૃત્તિથી નિરાળો,
પ્રેયસનો બલિ હવન એ, શ્રેયસનો રખવાળો;—યોગીશ્વરે.
પ્રથમ પ્રાર્થીત પરયજ્ઞમાં, આજે યજ્ઞે અર્પાએ,
રાજસુ આદિ યજ્ઞથી, આને કદિ ન મપાએ;—યોગીશ્વરે.
સ્વાતંત્ર દેવીનો સોમરસ, પીવા પુણ્ય પધારે,
સ્વરાજ્ય દેવ નિમંત્રણે, આત્મરાજ્ય ઉધ્ધારે;—યોગીશ્વરે.
વિવરણને વરણાંગીયા વંચક, વિવશ વિદ્રોહી,
વિતંડાવાદીને વિપંથકો, રહ્યા યજ્ઞ વગોવી;—યોગીશ્વરે.

નવજીવન અમૃત ભરી, વૃષ્ટિ ચેતન સિંચે,
સૃષ્ટિ ભરના સત્યવાદીઓ, ગાએ નાચે ને રાચે;—યોગીશ્વરે

——:૦:——

(૬)

## રણ ગીત

રાગ—શંકરાભરણ

માર માર સરકાર કેમ વાર લાગે; કેમ વાર લાગે,
હિંદ મુક્તિ માગે—માર માર. (ટેક)
મરવા તણા છે અમને મનોરથ,
માથાં ધર્યાં તારી તોપો આગે;...માર માર.
ત્રણ મારીશ તો ત્રીસ તૈયાર છે,
ત્રીસ મારીશ તો ત્રણસેં જાગે;...માર માર.
વાટ જુવે છે વીર અમારી,
જાલિયાનવાલાની તીરથ બાગે;...માર માર.
નોકરશાહીનો વજ્ર દિવાલો,
ભૂમિ ભેળી થઇ ભડ ભડ ભાંગે;...માર માર.
શૂરા પૂરા સહુ કરશે કેસરીયા,
ભીરૂ હશે તે રણથી ભાગે;....માર માર.
અંગ્રેજ અમલના ગાત્ર ગળે છે,
પૂર્ણ સ્વરાજ્યના પગલાં વાગે;...માર માર.
તારા શિકારી શ્વાન છૂટે તોયે,
હિંદ નહિ ધર્મ યુદ્ધ ત્યાગે...માર માર.
સ્વાધીન પ્રજા જેમ જીવશુ જગતમાં,
અથવા સળગશું સીતમ આગે;....માર માર.

——:૦:——

(૭)

## રણ હાક

### રાગ—બિલાવર પ્રભાતીયું

ઉઠ ઉઠ રણકેસરી યોગ આવો નહિ જડે,
આવો નહિ જડે જોની વીરરસનાં પુર ચડેરે...ઉઠ ઉઠ.

પાંચજન્ય સમા શંખ સુણાયે દુંદુભી ગડગડે,
હિંદ ભાવીની ઉષા આલેખાયે .વિશ્વમાં ચડેરે...ઉઠ ઉઠ.

દેશને આંગણે કુદરત ઘટના, અવનવી ઘડે,
મંગલ પૂર્ણસ્વરાજ મંદિરના દ્વાર ઉઘડેરે...ઉઠ ઉઠ.

નવજીવન પ્રભાત પંખીડાં, અહિં તહિં ઉડે,
યોગશકિત અને રાજશકિત બેઉ સામ સામી લડેરે ..ઉઠ ઉઠ.

એક પછી એક મોખરે રહીને મેદાને પડે,
સર્વે જોખમે સ્વમાન સંભાળે રણભીરૂ રડેરે...ઉઠ ઉઠ.

સ્વાતંત્ર્ય દેવીની યજ્ઞ વેદી પર બત્રીસા સડે,
કોઇક પાળા કોઇક અશ્વપરે કોઇક પવન પાઘડે...ઉઠ ઉઠ.

શું કરવું અને કેમ થશે, એમ બાયલા બડબડે,
વસ્તુ સ્થિતીનો વાંક કાઢી કાઢી રાંકડા રડવડે...ઉઠ ઉઠ.

પ્રથમ વર્ગના હિંદીને ચર્ણે બેડીઓ ખડખડે,
વારણાં લઇ જય દેવી વધાવે વીરને વટડેરે...ઉઠ. ઉઠ.

——:o:——

## (૮)

# રણગીત

### રાગ—માઢ

ગગને ગજે રે, ગગને ગાજે,
ગુરૂ ગાંધીજીની હાક ગગને ગાજે.
પાષાણને પણ આભે ઉડાડતાં,
મડદાને પણ માટીમાંથી ઉઠાડતાં.
શૂરા સામંતના પડધમ વાજે...ગુરૂ.
જન્મ દેનારીનું દૂધ દીપાવવા,
માતૃભૂમિનું લૂણુ શોભાવવા,
માથાં મેદાનમાં માંડો આજે...ગુરૂ.
જીવતાં હોઇયે તો જંગે ઝુકાવીએ,
મીઠું જો હોય તો મીઠું પકાવીએ.
નહિતર એકોતેરે પેઢી લાજે...ગુરૂ.
સરકારના નાશની નોબત વાગે છે,
મુકિત મૈયા મહા ભોગ માગે છે.
મસ્તક છેદાય તો ધડથી ધાજે.. ગુરૂ.
પરદેશી રાજના પાયા ડોલાવતો,
યુવતી યુવાનને પડમાં બોલાવજો.
ભારતનો વાવટો અણુનમ રાજે...ગુરૂ.
રણમાં હિંદીના લોહી રેલાવશે,
ભેદી ભેદી શિર શ્રીફળ ખેલાવશે.
પડશે સંચરવું શબની પાજે...ગુરૂ.

કુમારીકા પણ માંડે કેસરીયાં,
પીઠી ભર્યા પણ રણે સંચરીયાં.
ભારત મૈયાની મુકિત કાજે—ગુરૂ.

——:૦:——

(૯)

## સતયુગનું સૈન્ય

રાગ:—શંકરાભરણ

સતયુગનું સૈન્ય રણે સંચર્યું,
મહાવીર શા મોહન સરદાર જો—સતયુગ.
ત્રીજો મહિનો ને તારીખ બારમી,
પ્રબળ વિમલ બોધક બુધવાર જો;—સતયુગ.
ખાદી સર્વાંગ સોહામણી,
કફની ધોતી ટોપીનાં શણગાર જો—સતયુગ.
દૈવી હથીઆર ધર્યાં ધર્મનાં,
કદમ ભરે ઇશ્વર આધાર જો;—સતયુગ.
સરિતા સાબરમતીથી સંચર્યું,
ચોમાસે જેમ પૂર તજે ઓવાર જો;—સતયુગ.
ઉલટયો મેરામણ માનવ તણો,
વધાવવા દર્શાવવા સત્કાર જો;—સતયુગ.
નયને નિતર્યાં અમુલખ મોતીડાં,
ગળગળા આશિષના ઉદ્દગાર જો;—સતયુગ.
આશ્રમવાસી પછી વિદ્યાર્થીઓ,
એમ અખંડ આહૂતીની ધાર જો;—સતયુગ.
સત્તા સામ્રાજ્યની સંહારવા,
અવનિનો ઉતારવાને ભાર જો;—સતયુગ.

લંકા ગઢથી શીતાજી લાવવા,
બદલવા દશમુખનો દરબાર જો—સતયુગ.
લોહી તરસ્યાંને લોહી અર્પવા,
પેટ પુરતો પીરસવા શિકાર જો—સતયુગ.
મરવા કે જનનીને જીવાડવા,
માંડયા અચળ નિશ્ચય નિરધાર જો—સતયુગ.
અમૃત પરમાર્થનો વર્ષાવવા,
ઓલવવા જડવાદના અંગાર જો—સતયુગ.
પૃથ્વીએ પ્રભુમયતા પ્રગટાવવા,
અસુરતાનો આદરવા ઉદ્ધાર જો—સતયુગ.
પાંડવને ઇશ્વરનો ઓથ છે,
કૌરવોનું કટક બે સુમાર જો—સતયુગ.
બહેનો નિજ બંધુને વળાવજો,
માતાજીઓ નિજ પુત્ર કરો તૈયારજો—સતયુગ.
મહિલાઓ નિજ નાથને પઢાવજો,
ગુરૂજીઓ નિજ શિષ્ય કરો ટટારજો—સતયુગ.
ખાશું પીશું ને સુશું જેલમાં,
ઝીલશું ઝીલશું બંદુકના બહારજો—સતયુગ.
આજે પોષાય નહિ પરણવું,
માથા માંગે સરકારની તલવારજો—સતયુગ.
બુદ્ધ ઇશુ મહાવીર દધીચિના,
આરંભાએ ઇતિહાસ આ વાર જો—સતયુગ.
ભારતમાતા મરણ પથારીએ,
સાંભળી એનો આખરી પોકાર જો—સતયુગ.
જેમ જેમ સરકારથી ન્યારા થશો,
જન્મભૂમિના થશો જીવાડનહાર જો—સતયુગ.

વકીલો વિદ્યાર્થીઓ વેપારીઓ,
નોકર સર્વે છોડી દેજો સહકારજો—સતયુગ.
જેમજેમ આત્મા તણી ઝળકે પ્રભા,
આતતાઇનો ઉતરશે અહંકાર જો—સતયુગ.
સન્મુખ ફાંસી તુરંગ તોપ છે,
સન્મુખ છે રાક્ષસી સરકાર જો—સતયુગ.
નિરખે નવખંડ અજબ યુદ્ધ આ,
દુંદુભી વાગે દેવ નગર મોઝાર જો—સતયુગ.
દાનવ માનવ અસત્ય સત્યના,
મોરચા આજે મંડાયા સંસારજો—સતયુગ.
સલુણા સૈનિક વર લાડડા,
કોઇ કેશરીયા કલૈયા કુમારજો—સતયુગ.
સતનો સાથી સરજનહાર જો
જોગીડાનો થશે જય જયકાર જો—સતયુગ.

---

## (૧૦)

## ટોપીવાળાના ટોળાં ઉતર્યાં

રાગ—**શંકરાભરણ**

પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં,
ઉતર્યાં કંઇ આથમણે ઓવારરે—પરદેશી.—ટેક.

લીલી વાડી ને મીઠી છાંયડી,
નિર્મળા કંઇ નદીઓ કેરાં નીર રે;—પરદેશી.
આંબે આંબે તે કોયલ લહેરતી,
ઉડંતા કંઇ રૂડા હંસ ને મોર રે.—પરદેશી.

પુરી પનોતી બેઠી દેશની
અટારીએ કંઇ ભૈરવના ભણકારરે.—પરદેશી.
ઘેરે ઘેરે તે ઘૂવડ બોલીયા,
રોવા લાગ્યાં શ્વાન ને શિયાળરે.—પરદેશી.
બાળા રાંડે તે બાર વર્ષની,
માની પહેલાં મરે નાનાં બાળરે.—પરદેશી.
ધરતી સુકાઇ ને થઇ વાંઝણી,
કારમાં બેઠા કળજુગના કાળરે.—પરદેશી.
ધર્મી રૂવે તે મેલી ધ્રુસ્કા,
અધર્મીના આનંદનો નહી પારરે.—પરદેશી.
અડધે દહાડે તે સૂરજ આથમ્યા,
વગર રતે ધેરામાં આકાશરે.—પરદેશી.
ભાંગી ભરવાડોની મોરલી,
કામધેનુ કરોડો કારખાને કપાયરે.—પરદેશી.
તૂટયા ચોરા ને તૂટયા ગોચરા,
તૂટયા તૂટયા પાણીયારીના ઘાટરે.—પરદેશી.
થાપ્યા થાણા ને થાપી કોઠીઓ,
આદર્યા કાળા કોપના વેપારરે.—પરદેશી.
ત્રુટી શાળો ને ત્રુટયા રેંટીયા,
કારીગરોના કાપી નાખ્યા હાથરે.—પરદેશી.
આવ્યા ઓઢીને એવી કાંચળી,
ઓળખાયા નહી અંતરના ભોરીંગરે—પરદેશી.
કજીયા કરાવી ભાઇ ભાઇમાં,
પોતે થઇને બેઠા મોટા ભૂપરે.—પરદેશી.

થાપી કચેરી ઉંચે ડુંગરે,
વાળવા બેઠા દેશ કેરા દાટરે.—પરદેશી.
વાગ્યા ભૂંગળા ને આવી ગાડીઓ,
ધુમાડાના ઉડે ગોટે ગોટરે.--પરદેશી.
કાયદા વધ્યા ને વધી કોરટો,
વધ્યા કાંઈ ગુન્હાના કરનારરે--પરદેશી.
વકીલો વધ્યા ને વધ્યા ડાકટરો,
વધ્યા કંઇ કજીયાને રોગરે.—પરદેશી.
એવો વેરો તે નાખ્યો આકરો,
ખેડુતોને ખાવા ન રહ્યું ધાનરે.—પરદેશી.
ગરવા ગામડાના ઝુરે ઝુંપડા,
માડી જાયાં પરદેશે પીંડાયરે—પરદેશી.
દાદા બોલ્યા ને લોકે સાંભળ્યું,
પુરેપુરી આવી નહી સાધરે—પરદેશી.
મહાજનો મળ્યા ને અરજીઉં મોકલી,
દુઃખીયાને કોઇએ દીધી નહી દાદરે.—પરદેશી.
વર્ષે વર્ષે તે મોટેરા મળી,
કાઢવા લાગ્યા અંતરની વરાળરે.—પરદેશી.
ભણતરે ભૂલાવ્યાં કર્મ ધર્મને,
ભૂલાવ્યા કંઇ રીત ને રિવાજરે.--પરદેશી.
કંઇકને નોકરીએ નાખીયા,
કંઇકને આપ્યા માન અને ઇલ્કાબરે.--પરદેશી.
હાજીહા કરવા કંઇકને રાખીયા,
નાથી લીધા નાના મોટા લોકરે--પરદેશી.

આંખે પાટા બાંધ્યા લોકને;
ડૂચો દઈને રૂંધી લીધા શ્વાસરે—પરદેશી.
ડેરો નાંખ્યો એણે ડોકમાં
હાથે પગે જડી દીધી જંજીરરે—પરદેશી.
અંતે આવ્યા ગાંધીજી મોખરે,
યુગ યુગની ઉડાડી છે ઉંઘરે.—પરદેશી.
દેશ તણો એ સાચો દીકરો,
કર્મવીર કસ્તુરબાના કંથરે.—પરદેશી.
જર્મન જાગ્યા ને ગાજી મેદની,
સરકારની વ્હારે ચડયા લોકરે.—પરદેશી.
નાણાં વાળાએ નાણાં ધીરીયાં,
શૂરવીરે કંઈ રેડયાં મોંઘાં લોહીરે.—પરદેશી.
અંતે આવ્યો તે કાળો કાયદો,
ચમકી ઉઠી રૈયત ચોપાસરે.—પરદેશી.
એક દિવસ બધી વસ્તીએ,
હાટડે હાટડે પાળી દીધી હડતાળરે.—પરદેશી.
રૂઠી સરકાર રાંક લોક પર,
ત્રુટી પડી જાણે વરૂ .વાઘરે.—પરદેશી.
ઠામે ઠામે જંજાળું ગોઠવી,
ઠામે ઠામે ઉડાડયા બલુનરે.—પરદેશી.
કંઈક બહેનોની લાજું લુંટીયું,
કંઈક બેનોના ખેંચી કાઢયાં ચીરરે.—પરદેશી.
એવો જુલમ એણે આદર્યો,
કહાણી કે'તાં કાળજું કટકા થાયરે.—પરદેશી.

તરકી માટેનું વચન તોડીયું,
સળગી ઉઠયા સાચા મુસલમાનરે.—પરદેશી.
ગાંધીજીએ કહેણ મોકલ્યાં,
ક્યાંથી માને માઠા એના દિનરે.—પરદેશી.
ગાંધીજીએ પણ આદર્યાં,
ટાળશું અથવા વાળશું આ સરકારરે.—પરદેશી.
ગાંધીજીએ લીધા હાથમાં,
માડીજાયા હિન્દુ મુસલમાનરે.—પરદેશી.
સાચું કરતાં ને સાચું બોલતાં,
ગાંધીજીએ શિખવ્યું ગામે ગામરે.—પરદેશી.
મ્હેલ માનીને જાજો જેલમાં,
છાતી પર ઝીલજો બંદુકરે.—પરદેશી.
શાળા છોડોરે તમે બાળકો,
એ છે મોટું ગુલામીનું ઘરરે.—પરદેશી.
વકીલો છોડો વકીલાતરે,
તમારા પર એના રાજ્યના થંભરે.—પરદેશી.
એની સભા માંહી જાશો નહીં,
એ સ્મશાને લીધા મોટા ભોગરે.—પરદેશી.
ખાદી પહેરો સહુ ખંતથી,
એથી આપણી વાડી લીલી થાયરે—પરદેશી.
દારૂ દૂર રાખો સદા દેહથી,
એમાં આપણા દેશ કેરો નાશરે—પરદેશી.
સંપ સંપી સહુ ચાલજો,
પાયા વિના ચણતર શાનાં થાયરે—પરદેશી.

અંત્યજ ભાઇઓને અપનાવજો,
એમાં આપણી જાગું કેરું જોરરે—પરદેશી.
ગાંધીજીને પૂર્યા કેદમાં
સરકારને લાગી ઉરે લાયરે—પરદેશી.
પાયા ડગમગે એના રાજ્યના
ડોલતાં એના સિંહાસન દેખાયરે—પરદેશી.
તાજ પડુ પડુ થાય છે,
પુરેપુરૂ ભરાયું એનું પાપરે.—પરદેશી.
વાગે ઘડીયાળાં એના મોતના,
રહી એની કબરૂં ખોદાયરે.—પરદેશી.
કાંતો હારશે હિન્દના હાથથી,
અથવા મરશે માંહી માંહી કપાઇરે.—પરદેશી.

સમાપ્ત

પ્રકાશક:-
શ્રીલાલ. મ. ભટ્ટ.
વસંતરાય. સુ. ઠાકુર.
સંયુક્ત મંત્રીઓ:-નવજીવન સંઘ.

---

5/8/98
∞,

મુદ્રક :-
પી. સુ. દાસ,
ધી ગુર્જર ગૌરવ પ્રેસ,
ખેતવાડી ૧૦મી ગલી, મુંબઇ.